૭૨

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૮-૧૯માં ફાળવેલ રૂ.૨૫.૦૦ કરોડની લોન અન્વયે અમલ કરવાની થતી યોજનાઓને વહીવટી મંજુરી આપવા બાબત.....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અજક/૧૭/૨૦૧૮/૧૦૮૨૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૬/03/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

1. વિભાગનો તા:૦૪/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:અજક/૧૭/૨૦૧૮/૧૦૮૨૭/જ
2. વિભાગનો તા:૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઇલ)/જ
3. નાણા વિભાગનો તા:૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ
4. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૧૭/૦૯/૨૦૧૮નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૨૦૧૮/૫૩/પ્રોજેકટ/૨૫૭૪-૭૫.
5. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૧૯/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૨૦૧૮/૫૩(પ્રોજેકટ)/૩૯૪૭-૩૯૪૮.
6. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગરનો તા:૦૪/૧૦/૨૦૧૮નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/રાજ્ય સરકાર/૨૦૧૮-૧૯/૨૮૦૮.
7. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગરનો તા:૧૨/૦૯/૨૦૧૮નો પત્ર ક્રમાંક:ન.બા./૧૦૨૦૧૮/૫૪/પ્રો(૩) ૫૨૯૫-૫૨૯૬
8. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગરનો તા:૨૫/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક:ગુસકાવિનિ/વહટ/૨૦૧૯-૨૦/૪૬૦૨.
9. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગરનો તા:૨૩/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અવિકો/મકમ/૨૦૧૯-૨૦/૮૪૩૬.
10. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૨૮/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૧૨/હિસાબી/૨૦૨૦/૩૩૪-૩૩૫.
11. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગરનો તા:૧૩/03/૨૦૨૦નો પત્ર ક્રમાંક:ગુસકાવિનિ/શેરમુડી લોન/૧૦૨૦૧૭/30/પ્રો(૪)/૬૨૬૫.

## -:આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા:૦૪/૦૫/૨૦૧૮ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને ૨૦૧૮-૧૯માં સીધા ધીરાણની યોજનાઓના અમલીકરણ માટે લોન પેટે કુલ રૂ.૨૫.૦૦ કરોડ ફાળવવા અંગેની નવી બાબતને વહીવટી મંજુરી આપેલ હતી.

જે અન્વયે વંચાણે લીધેલ ક્રમ-૦૪, ક્રમ-૦૫ પરના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરના તા:૧૭/૦૯/૨૦૧૮ અને તા:૧૯/૧૨/૨૦૧૮ના, ક્રમ-૦૬ પરના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના તા:૦૪/૧૦/૨૦૧૮ તેમજ ક્રમ-૦૭ અને ક્રમ-૧૧ પરના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના તા:૧૨/૦૯/૨૦૧૮ અને તા:૧૩/૦૩/૨૦૨૦ના પત્રોમાં જણાવ્યા મુજબની યોજનાઓ તેમજ અરજદારની પાત્રતા/યોગ્યતા મંજુર કરવા દરખાસ્ત કરેલ હતી. તેમજ,

વંચાણે લીધેલ ક્રમ-૦૮, ક્રમ-૦૯ અને ક્રમ-૧૦ પરના અનુક્રમે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના તા:૨૫/૧૧/૨૦૧૯, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગરના તા:૨૩/૦૧/૨૦૨૦ તેમજ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરના તા:૨૮/૦૧/૨૦૨૦ના પત્રોથી ઉક્ત યોજનાઓમાં વંચાણે લીધેલ ક:૦૨ પરના વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવથી વર્ષ:૨૦૧૬-૧૭ની યોજનાઓમાં નક્કી કર્યા મુજબ જ રાજ્ય સરકારને પરત ભરપાઇ, વ્યાજના દર અને તે અંગે ચુકવણીની કાર્યરીતિ રાખવા દરખાસ્ત કરેલ છે.

## ઠરાવ:-

(૧) <u>ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ:-</u>

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની યોજનાઓને આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્ર | યોજનાનું નામ | યુનિટ | યુનિટ/કોસ્ટ (રૂ.) | યુનિટ કોસ્ટ પૈકી | | કુલ રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી ફાળો | રાજ્ય સરકારનો ફાળો | |
| ૧ | લેપટોપ (એકાઉન્ટીંગ, GST અને TALLY સોફ્ટવેર સાથે) | ૧૦૦૧ | ૪૦,૦૦૦ | ૨૦૦૦ | ૩૮,૦૦૦ | ૩,૮૦,૩૮,૦૦૦ |
| ૨ | નાના પાયાની યોજના | ૩૨૬ | ૧,૦૦,૦૦૦ | ૫૦૦૦ | ૯૫,૦૦૦ | ૩,૦૯,૭૦,૦૦૦ |
| ૩ | પશુ પાલનની યોજના | ૩૨૬ | ૧,૦૦,૦૦૦ | ૫૦૦૦ | ૯૫૦૦૦ | ૩,૦૯,૭૦,૦૦૦ |
| | કુલ | ૧૬૫૩ | | | | ૯,૯૯,૭૮,૦૦૦ |

**યોજનાઓના લાભ લેવા માટે અરજદાર નીચે જણાવ્યા મુજબની યોગ્યતા/પાત્રતા ધરાવતાં હોવા જોઇએ:-**

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિના બેરોજગાર હોવા જોઈએ.
2. અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૩.૦૦ લાખથી વધુ હોવી જોઇએ નહી.
3. લેપટોપ યોજના માટે અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ તેમજ નાના પાયાની અને પશુપાલનની યોજના માટે અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
4. આ યોજનાનો વ્યાજનો દર ૬% રહેશે અને નિયમિત હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨.૫% દંડનીય વ્યાજ લેવામાં આવશે.
5. આ યોજનાની વસુલાત નિયત કરેલ ૬૦ માસીક હપ્તામાં વ્યાજ સહિત કરવાના રહેશે.
6. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈ પણ સભ્યએ અગાઉ નિગમ/કોઈપણ સરકારી/અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલ હોવી જોઈએ નહીં.
7. અરજદાર કે અરજદારના કુટુંબના કોઈ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતાં હોવા જોઈએ નહીં.

(૨) **ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ:-**

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની યોજનાઓને આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજના | યુનિટ | યુનિટ કોસ્ટ (રૂપિયા) | વ્યાજનો દર | દંડનીય વ્યાજ | લોનની પરત ચુકવણીનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગારબેઝ ડિસ્પોઝલ વ્હિકલ | ૫૦ | ૬,૦૦,૦૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૨ | પેસેન્જર ઓટોરીક્ષા | ૫૦ | ૨,૦૦,૦૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૩ | વ્યક્તિગત લોન યોજના | ૧૦૦ | ૨,૦૦,૦૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૪ | પશુપાલન | ૧૦૦ | ૧,૦૦,૦૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૫ | મહિલા સમૃધ્ધિ યોજના | ૫૦૦ | ૬૦,૦૦૦ | ૪% | ૨% | ૫ વર્ષ |

**યોજનાઓના લાભ લેવા માટે અરજદાર નીચે જણાવ્યા મુજબની યોગ્યતા/પાત્રતા ધરાવતાં હોવા જોઇએ:-**

1. મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યક્તિઓ આલોન મેળવવાપાત્ર થાય છે.
2. અરજદાર સફાઇ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
3. અરજદારે કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇ પણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
4. બી.પી.એલ./વિધવા/ત્યક્તા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
5. વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ તથા ઓથોરાઇઝડ બેઇઝ ધારણ કરતાં હોવા જરૂરી છે.

(3) <u>ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ:-</u>

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની યોજનાઓને આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્ર | યોજના | યુનિટ | યુનિટ કોસ્ટ (રૂપિયા) લાખમાં | વ્યાજ નો દર | દંડનીય વ્યાજ | લોનની પરત ચુકવણીનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના (સામાન્ય મહિલા/વિધવા મહિલાઓ માટે)(૫૦:૫૦) | ૫૦૦ | ૧,૦૦,૦૦૦ | ૪% | ૨% | ૫ વર્ષ |

**<u>યોજનાઓના લાભ લેવા માટે અરજદાર નીચે જણાવ્યા મુજબની યોગ્યતા/પાત્રતા ધરાવતાં હોવા જોઇએ:-</u>**

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના બેરોજગાર હોવા જોઈએ.
2. અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૩.૦૦ લાખથી વધુ હોવી જોઇએ નહી.
3. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
4. આ યોજનાનો વ્યાજનો દર ૪% રહેશે અને નિયમિત હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે.
5. આ યોજનાની વસુલાત નિયત કરેલ ૬૦ માસિક હપ્તામાં વ્યાજ સહિત પરત કરવાના રહેશે.

6. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈ પણ સભ્યએ અગાઉ નિગમ/કોઈપણ સરકારી/ અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી ધંધા માટે લોન લીધેલ હોવી જોઈએ નહીં.
7. અરજદાર કે અરજદારના કુટુંબના કોઈ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતાં હોવા જોઈએ નહીં.

(૪) <u>નિગમો દ્વારા રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ નીચે મુજબની રહેશે:-</u>

1. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.
2. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમો દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.
3. નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૭/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

9. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),કર્મયોગી ભવન, ગાંધીનગર.
10. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
11. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
12. પસંદગી ફાઇલ-૨૦૨૦.